647510 **BA0GujCC622A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# March/April-2023 (OLD COURSE)
# GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO(CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન.૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી’તી કોતરો ને જોવી’તી કંદરા,
રોતા ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં,
અકલો અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

- ઉમાશંકર જોશી

અથવા

પ્રશ્ન.૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.

દરિયામાં હોય એને મોતી કહેવાય છે, તો આંખોમાં હોય તેને શું?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું.
પંખીવછોઇ કોઇ એકલી જગાને તમે માળો કહેશો કે બખોલ?
જોવાતી હોય કોઇ આવ્યાની વાટ ત્યારે ભણકારા વાગે કે ઢોલ ?
બોલો સુજાણ, ઊગ્યું મારામાં ઝાડવું કે ઝાડવામાં ઊગી છું હું?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું.
ઊંચી ઘોડી ને એનો ઊંચો અસવાર: એના મારગ મોટા કે કોલ મોટા?
દરિયો તરવાની હોડ માંડે તો દરિયાનું પાણી જીતે કે પરપોટા?
સૂરજ ન હોય તેવી રીતે ઝીંકાય છે એ તડકાઓ હોય છે કે લૂ?
અમે પૂછ્યું : લે બોલ, હવે તું.

– રમેશ પારેખ

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન જ મારવું એ તો છે જ. કુવિચાર માત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઈચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે. જ્યાં ઊભા છીએ ત્યાં સેંકડો સૂક્ષ્મ જીવો પડ્યા છે તે કોચવાય છે; એ જગ્યા તેમની છે. ત્યારે શું આત્મહત્યા કરીએ? તોયે આરો નથી. વિચારમાં દેહનું વળગણ માત્ર છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્યનારાયણ. એ દર્શન અધિરાઈથી ન જ થાય. દેહ આપણો નથી, તે આપણને મળેલું સંપેતરું છે, એમ સમજી તેનો ઉપયોગ હોય તે કરી આપણો માર્ગ કાપીએ.

- મહાત્મા ગાંધી

અથવા

પ્રશ્ન.૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

જ્યાં સરસતાજ પરબ્રહ્મ છે, રસિકતા જ ગુરુ છે, જ્યાં રસાસ્વાદ જ પૂજા પૂજક ને અધિકાર અર્પે છે તે કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદ પ્રાપ્તિના નિર્માણમાં અંતરાયરૂપ થઈ પડે છે; અને આ વિષકન્યાની વાત ગમે તેવી મીઠી અને આકર્ષક લાગે, પણ તેનો સ્પર્ષ વિષ પ્રસરાવવાનો છે અને એ વિષ રસાસ્વાદ અને રસદ્રષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે.

- કનૈયાલાલ મુનશી

પ્રશ્ન.3 નીચેના માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૪)

૧) વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતનું સ્થાન.
૨) કલા કલાને ખાતર.
3) મારો યાદગાર પ્રવાસ.
૪) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ : ૨૦૨૦.

પ્રશ્ન.૪ અરજી લેખન કરો : (૧૪)

સુનિલ કુમાર શિન્દે, 'આશીર્વાદ', સી-3૨, ન્યુ બસસ્ટેન્ડની બાજુમાં, ક્રિષ્ના સોસાયટી, નવરંગપુરા, અમદાવાદથી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિંભોર, તા. ધાનેરા, જિ. નર્મદામાં ગુજરાતી વિષના અધ્યાપક સહાયકની ખાલી પડેલ જગ્યા માટે ઉમેદવારી નોંધાવે છે.

અથવા

પ્રશ્ન.૪ અરજી લેખન કરો :

રાજીવ પી. મુખર્જી, રોહિણી બંગલો, એ.-3, રાજીવ ગાંધી પાર્કની બાજુમાં, કસ્તુર બા ભવન સામે, સોમનાથ સોસાયટી, ખંભાત. નવું ડ્રાયવિંગ લાઇસન્સ મેળવવા માટે આર.ટી.ઓ. કચેરી, ખંભાત, જિ. ખેડાને અરજી લખે છે.

પ્રશ્ન.૫ **(અ)** નીચે આપેલ કોઈ પણ એક વિષય ઉપર અહેવાલ લખો. (૧૪)

(૧) સરસ્વતી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા ખાતે યોજાયેલ સેમેસ્ટર – ૬ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિદાય સમારંભનો અહેવાલ લખો.

(૨) નડિયાદ હાઇવે પર થયેલા અકસ્માતનો છાપા જોગ અહેવાલ લખો.

**(બ)** અર્થવિસ્તાર લખો. (કોઈ પણ એક)

(૧) મરજો કે મારજો પીઠ મ દેજો લગાર;
અમારી સાહેલી મેણા મારશે, આ તો કાયર તણી નાર.

(૨) તને મે ઝંખી છે,
યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

*******************************